**#BeeWell**

**માતાપિતા અને સંભાળ રાખનારની માહિતી શીટ**

**મને આ પત્ર શા માટે મળી રહ્યો છે?**

**તમારા બાળકને સંશોધન અભ્યાસમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.**

તે ભાગ લઈ શકે છે કે કેમ તે તમે નક્કી કરો તે પહેલાં, તમારા માટે એ સમજવું મહત્વપૂર્ણ છે કે સંશોધન શા માટે કરવામાં આવી રહ્યું છે અને તેમાં શું શામેલ હશે. કૃપા કરીને નીચેની માહિતીને કાળજીપૂર્વક વાંચવા માટે સમય ફાળવો. જો કંઇપણ અસ્પષ્ટ છે અથવા જો તમને વધુ માહિતીની જરૂર હોય, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો (નીચે 'વધુ માહિતી' નો વિભાગ જુઓ). આ વાંચવા માટે સમય ફાળવવા બદલ તમારો આભાર.

**જો તમારું બાળક 2025 ના પાનખરમાં વર્ષ 8 માં છે** તો તેમના વર્ષ જૂથ વિદ્યાર્થીઓના સમૂહનો ભાગ છે જેમને અમે 2024 ના પાનખરથી શરૂ કરીને વાર્ષિક ધોરણે સર્વે પૂર્ણ કરવા માટે કહી રહ્યા છીએ. જો તમારા બાળકની શાળાએ ભાગ લેવા માટે સાઇન અપ કર્યું હોય તો તમને ગયા વર્ષે આ માહિતી પત્રક પ્રાપ્ત થયું હશે.

**જો તમે ગયા વર્ષે તમારા બાળક માટે સંશોધન અભ્યાસમાં ભાગ લેવાનું નાપસંદ કરવાનું પસંદ કર્યું હોય,** તો પછી બહાર નીકળવાનો તમારો નિર્ણય હજુ પણ અમારી સિસ્ટમ પર નોંધાયેલ છે અને તમારું બાળક આ વર્ષે સર્વેક્ષણમાં ભાગ લઈ **નહીં** શકે. તમારે ફરીથી ફોર્મ પરત કરવાની જરૂર નથી. જો તમે અગાઉ તમારા બાળક માટે સર્વેક્ષણમાં ભાગ લેવાનું નાપસંદ કરવાનું પસંદ કર્યું હોય પરંતુ તમે ઈચ્છો છો કે તે 2025ના પાનખરમાં ભાગ લે, તો કૃપા કરીને lawrence.wo@manchester.ac.uk પર અમારો સંપર્ક કરો.

**જો તમારું બાળક 2025 ના પાનખરમાં ધોરણ 7 અથવા 10 માં છે,** તો આ એકમાત્ર શૈક્ષણિક વર્ષ છે કે જેમાં તમારું બાળક સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માટે પાત્ર હશે.

સંશોધન અભ્યાસ શું છે તે સમજવા માટે કૃપા કરીને આ માહિતી કાળજીપૂર્વક વાંચો અને
ન લે તે નક્કી કરવા કૃપા કરીને આ માહિતીને ધ્યાનથી વાંચવાનું સુનિશ્ચિત કરો.

**સંશોધન વિશે**

**આ સંશોધન કોણ કરશે?**

પ્રોફેસર નીલ હમ્ફ્રે (Neil Humphrey), માન્ચેસ્ટર ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન (Manchester Institute of Education), યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester), આ અધ્યયનનું નેતૃત્વ કરે છે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર, અન્ના ફ્રોઈડ, ચાઈલ્ડ આઉટકમ્સ રિસર્ચ કન્સોર્ટિયમ, ગ્રેગસન ફેમિલી ફાઉન્ડેશન અને ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટી વચ્ચેનો સહયોગ છે. યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર અને અન્ના ફ્રોઈડના સંશોધકોના માત્ર એક નાના જૂથને નીચે દર્શાવેલ પ્રોજેક્ટ ડેટાસેટની ઍક્સેસ હશે; બાકીની સંસ્થાઓ અન્ય રીતે પ્રોજેક્ટને સમર્થન આપે છે (ઉદાહરણ તરીકે, ચાઇલ્ડ આઉટકમ્સ રિસર્ચ કન્સોર્ટિયમ શાળાઓને તેમની સુખાકારીની જોગવાઈઓ પર માર્ગદર્શન પૂરું પાડે છે).

**સંશોધનનો હેતુ શું છે?**

અમારા અભ્યાસ, #BeeWell પ્રોગ્રામનો હેતુ ગ્રેટર માન્ચેસ્ટરના યુવાન લોકોની સુખાકારી (દા.ત. સુખ) ની તપાસ કરવાનો છે. અમે એ પણ જાણવા માંગીએ છીએ કે તેમની સુખાકારી પર શેની અસર થાય છે (દા.ત. સંબંધો, શારીરિક પ્રવૃત્તિ).

*કોને ભાગ લેવા માટે કહેવામાં આવી રહ્યું છે?*

તમારા બાળકની શાળાએ #BeeWell પ્રોગ્રામ માટે સાઇન અપ કર્યું છે, જેમાં વિદ્યાર્થીઓ,  નીચે મુજબ, વર્ષમાં એકવાર ઓનલાઇન સર્વેક્ષણ પૂર્ણ કરે છે:

| | વર્ષ 7 | વર્ષ 8 | વર્ષ 9 | વર્ષ 10 |
|---|---|---|---|---|
| **પાનખર 2024** | હા | ના | ના | હા |
| **પાનખર 2025** | હા | હા | ના | હા |
| **પાનખર 2026** | હા | ના | હા | હા |

*શું સંશોધન પ્રકાશિત કરવામાં આવશે?*

અમે જર્નલ, બ્લોગ્સ, કોન્ફરન્સ પ્રેઝન્ટેશન, ડોક્ટરલ સ્ટુડન્ટ થીસીસ અને વેબસાઇટ્સ અને સોશિયલ મીડિયા પર સારાંશ અહેવાલોમાં અમારા તારણો પ્રકાશિત કરીશું.  ભાગ લેતી શાળાઓ, સ્થાનિક સત્તાવાળાઓ, ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટીને સારાંશ પ્રતિસાદ અહેવાલો પ્રાપ્ત થશે.   પ્રોજેક્ટ ડેટાસેટ સાર્વજનિક રૂપે પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આનો અર્થ એ થશે કે અન્ય સંશોધનકારો યુવાનોની સુખાકારી વિશેના તેમના પોતાના પ્રશ્નોના જવાબો માટે આ ડેટાનો ઉપયોગ કરી શકે છે.  ઉપરોક્ત તમામમાં, તમારા બાળકના જવાબો સંપૂર્ણ અનામી રાખવામાં આવશે.

*ડિસ્ક્લોઝર અને બારીંગ સર્વિસ (DBS) તપાસ*

સંશોધન ટીમના દરેક સભ્યોની એનહાન્સ્ડ ડિસ્ક્લોઝર લેવલે DBS તપાસ કરવામાં આવી છે.

*સંશોધન પ્રોજેક્ટની સમીક્ષા કોણે કરી છે?*

આ પ્રોજેક્ટની સમીક્ષા અને મંજૂરી યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર સંશોધન નૈતિકતા કમિટી 1 (સંદર્ભ: 2021-11133-18179) દ્વારા કરવામાં આવી છે.

*સંશોધનને ભંડોળ કોણ પૂરું પાડે છે?*

આ પ્રોજેક્ટને યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર, ધ ગ્રેટર માન્ચેસ્ટર કમ્બાઈન્ડ ઓથોરિટી, પોલ હેમલિન ફાઉન્ડેશન, ધ ગ્રેગસન ફેમિલી ફાઉન્ડેશન, ધ હોલરોઇડ ફાઉન્ડેશન, ધ નેશનલ લોટરી કમ્યુનિટિ ફંડ, ધ ઓગલેસ્બી ચેરીટેબલ ટ્રસ્ટ, ધ પીટર કંડિલ ફાઉન્ડેશન, બિગ ચેન્જ અને બીબીસી ચિલ્ડ્રન ઈન નીડને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

**મારા બાળકની સહભાગિતા શું હશે?**

તમારા બાળકને પાનખર 2025 માં એક સર્વે પૂર્ણ કરવા માટે કહેવામાં આવશે, જેમાં તેમને 20-30 મિનિટનો સમય લાગશે.  આ શાળામાં ઓનલાઇન કરવામાં આવશે.

સર્વેક્ષણમાં ભાગ લેવાના કોઈ નોંધપાત્ર જોખમ અથવા ગેરલાભ નથી. જો કે, અમે તમારા બાળકને સમર્થનનાં અનેક સ્રોતો વિશે જણાવીશું જેની તેઓને જરૂર પડી શકે છે જો તેઓને કોઈપણ સવાલોના કારણે ઉદાસી, ચિંતા અથવા અસ્વસ્થતા (દા.ત. માતપિતા/સંભાળ રાખનાર, ચાઈલ્ડલાઈન, સ્કૂલ સ્ટાફના સભ્ય) લાગે. ભાગ લેવાના કોઈ બાંયધરીકૃત લાભ નથી, પરંતુ સુખાકારીના સર્વેક્ષણો પૂર્ણ કરવાથી કેટલાક યુવાન લોકોને તેમના જીવન વિશે ચિંતન કરવામાં મદદ કરી શકે છે.

*શું ભાગ લેવા બદલ મને અથવા મારા બાળકને વળતર (દા.ત. પૈસા અથવા વાઉચર્સ પ્રાપ્ત થશે) મળશે?*

ભાગ લેવા માટે કોઈ વળતર ઉપલબ્ધ નથી.

*જો મારું બાળક ભાગ લે એવી મારી ઇચ્છા ન હોય અથવા જો હું મારો વિચાર બદલીશ તો શું થશે?*

તમારા બાળકે ભાગ લેવો કે નહીં તે નક્કી કરવાનું તમારા હાથમાં છે. જો તમે પરવાનગી આપો છો, તો તમારા બાળકને પણ પૂછવામાં આવશે કે તેઓ ભાગ લેવા ઈચ્છે છે કે નહીં. તમે બંને કોઈ પણ કારણ આપ્યા વિના, કોઈપણ સમયે બહાર નીકળી શકો છો. જો તમારા બાળકના ભાગ લીધા પછી, તમે નિર્ણય કરો છો કે તમે ઈચ્છો છો કે અમે તેમના સર્વેક્ષણના જવાબો દૂર કરીએ, તો તમે રેકોર્ડ કાઢી નાખવા માટે અમારો સંપર્ક કરી શકો છો. જો કે, એકવાર તમારા બાળકના ડેટાને અનામી રાખવામાં આવ્યા પછી તેને કાઢી નાખવું શક્ય બનશે નહીં, કારણ કે અમે તેમના વિશિષ્ટ ડેટાને ઓળખવામાં અસમર્થ હોઈશું. અમે આશા રાખીએ છીએ કે આ 2029 ના અંત સુધીમાં થશે, તે પછી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી સુરક્ષિત રીતે નષ્ટ કરવામાં આવશે.

આ તમારા ડેટા સંરક્ષણના અધિકારોને અસર કરતું નથી. જો તમે નક્કી કરો છો કે તમે તમારું બાળક ભાગ લે એવું ઇચ્છતા નથી, તો કૃપા કરીને આ શીટના અંતમાં ટૂંકું 'ભાગ લેવાની નાપસંદગી' ફોર્મ ભરો અને નિર્દિષ્ટ તારીખ સુધીમાં ફ્રીપોસ્ટ સરનામાંનો ઉપયોગ કરીને અમને પરત કરો. જો તમે પસંદ કરો છો, તો તમે ઓપ્ટ-આઉટ ફોર્મ પર આપેલી માહિતીનો ઉપયોગ કરીને અમને ટેલિફોન અથવા ઇમેઇલ કરી શકો છો.

**ડેટા સુરક્ષા અને ગોપનીયતા**

*તમે મારા બાળક વિશે કઈ માહિતી એકત્રિત કરશો?*

તમારું બાળક આ સર્વેક્ષણમાં ભાગ લે તેના માટે, અમને એવી માહિતી એકત્રિત કરવાની જરૂર છે જે તેમને ઓળખી શકે, જેને "વ્યક્તિગત ઓળખ માહિતી" કહેવામાં આવે છે. અમારે આ એકત્રિત કરવાની જરૂર પડશે:

- નામ, અટક
- વંશીયતા
- અનોખો વિદ્યાર્થી નંબર
- જન્મ તારીખ
- રહેણાંક પોસ્ટકોડ
- નિ:શુલ્ક શાળા ભોજન માટેની યોગ્યતા
- વય જુથ
- લિંગ
- વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો
- વધારાની ભાષા તરીકે અંગ્રેજી

આ માહિતી તમારા બાળકની શાળા અથવા સ્થાનિક સત્તાધિકારી દ્વારા આપવામાં આવશે.

અમે તમારા બાળકના સુખાકારી અને તેમની સુખાકારીને અસર કરતા પરિબળો વિશેની માહિતી પણ એકત્રિત કરીશું. આમાં આ વિશેના પ્રશ્નો શામેલ છે:

- જીવન સંતોષ, માનસિક સુખાકારી, આત્મસન્માન, તાણ અને સામનો, માનસિક સ્વાસ્થ્ય મુશ્કેલીઓ અને લાગણીનું નિયમન
- આરોગ્ય અને દિનચર્યા, શોખ અને મનોરંજન, શાળા, પર્યાવરણ અને સમાજ, સંબંધો અને સુખાકારી સહાયતા
- લિંગ ઓળખ અને જાતિયતા
- સ્થળાંતર સ્થિતિ
- જીવનની તૈયારી અને ભવિષ્ય (માત્ર Y10)

*એકત્રિત કરેલી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે?*

અમે તમારા બાળકની શાળા અથવા સ્થાનિક સત્તા દ્વારા આપવામાં આવેલી માહિતીને તેના સર્વેક્ષણ જવાબો સાથે જોડીશું.  અમે તેમના રહેણાંક પોસ્ટકોડને સ્થાનિક વિસ્તાર વિશેની જાહેર માહિતી સાથે જોડીશું (ઉદાહરણ તરીકે, તેઓને ઉદ્યાનો અને અન્ય હરિયાળી જગ્યાઓની ઍક્સેસ છે કે કેમ).  ભવિષ્યમાં, અમે અમારા પ્રોજેક્ટ ડેટાને તમારા બાળક વિશેની અન્ય માહિતી સાથે લિંક કરવાની યોજના બનાવીએ છીએ, ઉદાહરણ તરીકે, રાષ્ટ્રીય વિદ્યાર્થી ડેટાબેઝમાં શૈક્ષણિક ડેટા (દા.ત. શૈક્ષણિક સિદ્ધિ); લોન્ગીટ્યુડિનલ એજ્યુકેશનલ આઉટકમ્સ ડેટાબેઝમાં રોજગાર અને કમાણીનો ડેટા (દા.ત. વાર્ષિક આવક); કોમ્યુનિટી સર્વિસીસ ડેટાસેટમાં NHS દ્વારા ફંડેડ સામુદાયિક સેવાઓની ઍક્સેસ પરનો ડેટા (દા.ત. બાળકો અને યુવાનોની આરોગ્ય સેવાઓ માટેના રેફરલ્સ); અને, મેન્ટલ હેલ્થ સર્વિસ ડેટાસેટમાં NHS દ્વારા ફંડેડ માનસિક સ્વાસ્થ્ય સેવાઓ (દા.ત. બાળક અને કિશોર માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટે રેફરલ્સ)ની ઍક્સેસ પરનો ડેટા.

*ડેટા કેવી રીતે લિંક થશે અને આ શા માટે લાભદાયક છે?*

ડેટા લિન્કેજ માટેની મૂળભૂત પ્રક્રિયા નીચે દર્શાવવામાં આવી છે:



માતાપિતાની પરવાનગી **UoM** ડેટા ધારકને સૂચિ મોકલે છે ડેટા ધારક રેકોર્ડ શોધે છે ડેટા ધારક **UoM** ને ડેટા મોકલવા માટે નામોને દૂર કરે છે **UoM** ડેટાનું વિશ્લેષણ કરે છે

અમારા પ્રોજેક્ટ ડેટાને આ રીતે લિંક કરવાથી યુવાનોની સુખાકારી વિશે આપણે શું જાણી શકીએ છીએ અને તેમના જીવનના અન્ય પાસાઓમાં શું થઈ રહ્યું છે તે કેવી રીતે પ્રભાવિત કરે છે (અને તેનાથી શું પ્રભાવિત થાય છે) તેમાં નોંધપાત્ર રીતે સુધારો થાય છે.

*તમે કયા કાયદાકીય આધાર હેઠળ આ માહિતી એકઠી કરી રહ્યા છો?*

અમે યુકે ડેટા સંરક્ષણ કાયદા અનુસાર વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી એકત્રિત અને સંગ્રહિત કરી રહ્યા છીએ.  આ જણાવે છે કે તમારો ડેટા એકત્રિત કરવા માટે અમારી પાસે કાનૂની આધાર (વિશિષ્ટ કારણ) હોવું આવશ્યક છે. આ અભ્યાસ માટે, વિશિષ્ટ કારણ એ છે કે તે "એક જાહેર હિતનું કાર્ય" અને "સંશોધન હેતુઓ માટે જરૂરી પ્રક્રિયા" છે.

*તમે મારા બાળક વિશે જે માહિતી એકત્રિત કરો છો તેના સંબંધમાં મારા કયા અધિકાર છે?*

તમારી પાસે તમારી વ્યક્તિગત માહિતીના સંદર્ભમાં ડેટા સંરક્ષણ કાયદા હેઠળ અધિકાર છે. ઉદાહરણ તરીકે, તમે તમારા બાળક વિશે અમારી પાસે રાખેલી માહિતીની નકલની વિનંતી કરી શકો છો. જો તમે તમારા જુદા જુદા અધિકારો અથવા અમે તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કરવાની રીત વિશે વધુ જાણવા માંગતા હો, તો કૃપા કરીને સંશોધન માટે અમારી ગોપનીયતા સૂચનાનો સંપર્ક કરો: https://documents.manchester.ac.uk/display.aspx?DocID=37095

*શું સર્વેક્ષણમાં મારા બાળકની સહભાગિતા ગોપનીય રહેશે? શું તેમની વ્યક્તિગત ઓળખવા યોગ્ય માહિતીને સુરક્ષિત રાખવામાં આવશે?*

ડેટા સંરક્ષણ કાયદા અનુસાર, યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર (University of Manchester) આ પ્રોજેક્ટ માટે ડેટા નિયંત્રક છે. આનો અર્થ એ છે કે તમારી વ્યક્તિગત માહિતી સુરક્ષિત, ગોપનીય રાખવામાં આવે છે તેની ખાતરી કરવા માટે અમે જવાબદાર છીએ અને તમને જે રીતે કહેવામા આવ્યું છે તે રીતે જ તેનો ઉપયોગ કરવામાં આવશે.  બધા સંશોધકો પ્રશિક્ષિત છે, અને તમારા ડેટાની નીચે મુજબ કાળજી લેવામાં આવશે:

- બધી માહિતી સંપૂર્ણ રીતે ગુપ્ત રાખવામાં આવશે. યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટર અને અન્ના ફ્રોઈડના સંશોધકોનું માત્ર એક નાનું જૂથ ઓળખી શકાય તેવા ડેટાને ઍક્સેસ કરશે*,એવા કિસ્સાઓ સિવાય કે જ્યાં ડેટા લિન્કેજને સક્ષમ કરવા ઉપરોક્ત નામના ડેટાસેટ્સ ધરાવતી સંસ્થાઓને તે સુરક્ષિત રીતે પ્રદાન કરવામાં આવે છે.
- સંશોધન ટીમે ઉપર વર્ણવેલ રીતોથી ડેટાને લિંક કરવા માટે ઓળખની માહિતીનો ઉપયોગ કર્યા પછી, ડેટાસેટ અનામી બનાવવામાં આવશે.
- તમામ સર્વેક્ષણ ડેટા સુરક્ષિત, એન્ક્રિપ્ટેડ અને પાસવર્ડથી સુરક્ષિત સર્વર પર સંગ્રહિત કરવામાં આવશે જે માત્ર સંશોધન ટીમના મુખ્ય સભ્યો જ ઍક્સેસ કરી શકે છે.
- બધા ડેટાની પ્રક્રિયા જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (GDPR) કાયદા અનુસાર કરવામાં આવશે.
- જો તમે તમારું બાળક આ અભ્યાસમાં ભાગ લે તે માટે સહમત છો તો અને તમારી સંમતિ સાથે, તમારા બાળક દ્વારા પ્રદાન કરવામાં આવેલ બિન-ઓળખી શકાય તેવા સર્વેક્ષણ ડેટા અન્ય સંશોધકો અને એજન્સીઓ સાથે શેર કરવામાં આવશે.  આ યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટરની સંશોધન ગોપનીયતા સૂચના અનુસાર વધારાના સંશોધનને સમર્થન આપવા માટે છે (ઉપરની લિંક જુઓ).  પહેલેથી જ જણાવવામાં આવ્યું છે તેમ, આ માહિતી સંપૂર્ણ અનામી હશે.

* કૃપા કરીને નોંધ કરો કે યુનિવર્સિટી ઓફ માન્ચેસ્ટરના વ્યક્તિઓ અથવા અન્ય અધિકારીઓને પણ આ અભ્યાસ માટે એકત્રિત કરેલા ડેટા વિશે જાણવાની જરૂર પડી શકે છે તે સુનિશ્ચિત કરવા માટે કે આ પ્રોજેક્ટ યોજના પ્રમાણે કરવામાં આવી રહ્યો છે. આમાં ઓળખી શકાય તેવા ડેટા જોવાનું શામેલ હોઈ શકે છે. અભ્યાસની દેખરેખ સાથે સંકળાયેલા તમામ વ્યક્તિઓ માટે એક સહભાગી તરીકે તમારા/તમારા બાળકની ગુપ્તતા રાખવાની કડક ફરજ રહેશે.

**જો મને કોઈ ફરિયાદ હોય તો શું?**

જો તમને સંશોધન ટીમના સભ્યોને નિર્દેશિત કરવી પડે તેવી ફરિયાદ હોય, તો કૃપા કરીને આનો સંપર્ક કરો:

**પ્રોફેસર નીલ હમ્ફ્રે**
**Ellen Wilkinson Building, Manchester Institute of Education, The University of Manchester, Oxford Road, Manchester M13 9PL**

**ઈમેઈલ: neil.humphrey@manchester.ac.uk**

**ટેલિફોન: 0161 275 3404**

જો તમે સંશોધન ટીમની બહારના કોઈને ઔપચારિક ફરિયાદ કરવા ઇચ્છતા હોવ અથવા જો તમે સંશોધનકારો દ્વારા મળેલા પ્રથમ પ્રતિસાદથી સંતુષ્ટ ન હો, તો કૃપા કરીને આનો સંપર્ક કરો:

**The Research Ethics Manager, Research Office, Christie Building, The University of Manchester, Oxford Road, Manchester, M13 9PL**

**ઈમેઈલ: research.complaints@manchester.ac.uk**

**ટેલિફોન: 0161 306 8089**

જો તમે તમારા ડેટા સંરક્ષણ અધિકાર વિશે અમારો સંપર્ક કરવા માંગતા હો, તો કૃપા કરીને dataprotection@manchester.ac.uk ને ઇમેઇલ કરો અથવા The Information Governance Office, Christie Building, The University of Manchester, Oxford Road, M13 9PL  ને લખી મોકલો અને અમે પ્રક્રિયા દરમ્યાન તમારા અધિકારોનો ઉપયોગ કરવા માટે તમને માર્ગદર્શન આપીશું.

તમને તમારા બાળકની વ્યક્તિગત ઓળખવા યોગ્ય માહિતીથી સંબંધિત ફરિયાદો અંગે માહિતી કમિશનરની ઓફિસમાં પણ ફરિયાદ કરવાનો અધિકાર છે:

**ઓનલાઈન: https://ico.org.uk/make-a-complaint/**

**ટેલિફોન: 0303 123 1113**
**વધારાની માહિતી**

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો તમે beewell@manchester.ac.uk પર અમને ઈમેલ કરી શકો છો અથવા અમને 0161 275 3415 પર કૉલ કરી શકો છો.

**આ માહિતી પત્રક વાંચવા માટે સમય કાઢવા બદલ તમારો આભાર.**

**તમારા બાળકને આ સંશોધનનો ભાગ બનવાની સંમતિ આપવી**

- અમને આશા છે કે તમે તમારા બાળકને આ સંશોધનમાં ભાગ લેવાની પરવાનગી આપશો.
- સંમતિ આપીને, તમે તમારા બાળકને #BeWell સર્વેક્ષણમાં ભાગ લેવા, તેમના સર્વેક્ષણ ડેટાને તેમના વિશેની પૃષ્ઠભૂમિની માહિતી સાથે લિંક કરવા અને તેમના વિશેની અન્ય માહિતી સાથેના તેમના ડેટાના ભાવિ જોડાણ માટે સંમત છો ('ડેટા સંરક્ષણ અને ગોપનીયતા' માં ઉપર જણાવ્યા મુજબ).
- જો તમે તમારી પરવાનગી ન આપો, તો તમારે **નીચેનું ફોર્મ શક્ય એટલું જલદી પરત કરવાની જરૂર છે , ,અને, શુક્રવાર 26મી સપ્ટેમ્બર 2025 પછી નહીં.**
- ભાગ ન લેવાનું પસંદ કરવાથી તમને અથવા તમારા બાળકને કોઈપણ રીતે ગેરલાભ થશે નહીં.
- તે બધા બાળકોને સ્પષ્ટ કરવામાં આવશે કે તેઓએ ભાગ લેવો કે નહીં તે તેમના હાથમાં છે. તેઓને એ પણ યાદ અપાવવામાં આવશે કે જો તેઓ જવાબ આપવા ઇચ્છતા ન હોય તો તેઓ પ્રશ્નો છોડી શકે છે.

---

જો તમારું બાળક ભાગ લે તેવું તમે ઇચ્છતા **નથી** તો તમારે માત્ર આ સ્લીપને પૂર્ણ કરવાની અને પરત કરવાની જરૂર છે. કૃપા કરીને નીચેની માહિતી પ્રદાન કરવા માટે ક્યાં તો lawrence.wo@manchester.ac.uk (અથવા રિંગ 0161 275 3415) પર ઇમેઇલ કરો અથવા આ સ્લિપને નીચેના સરનામે પોસ્ટ કરો:

FREEPOST RLYU-KAAB-AXRC
Lawrence Wo
Manchester Institute of Education
B4.10 Ellen Wilkinson Building
University of Manchester
Oxford Road
Manchester
M13 9PL

**તમારે સ્ટેમ્પ શામેલ કરવાની જરૂર નથી.**

**જો તમે તમારું બાળક ભાગ લે તે માટે ખુશ છો, તો તમારે કંઇ કરવાની જરૂર નથી.**

પ્રિય લોરેન્સ,

હું મારા બાળકને #BeWell અભ્યાસમાં ભાગ લેવામાંથી પાછું ખેંચવા માંગુ છું.

| | |
|---|---|
| બાળકનું નામ: | |

| | |
|---|---|
| બાળકની શાળા: | |
| બાળકનું વર્ષ જૂથ (દા.ત. 7, 8 અથવા 10): | |
| માતપિતા/સંભાળ રાખનારનું નામ: | |
| માતપિતા/સંભાળ રાખનારની સહી: | |
| તારીખ: | |

**કૃપા કરીને 26સપ્ટેમ્બર 2025 સુધીમાં પરત કરો.** UoM #BeeWell સંદર્ભ: GM2025